# દેવાધિદેવ તણા દિલથી દર્શન કરીએ

( રાગઃ ઓ મારી ભક્તિ જો સાચી હોય...)

દેવાધિદેવ તણા દિલથી દર્શન કરીએ
એના ગરવા ગુણોનું, ચાલો ગુંજન કરીએ
દેવાધિદેવ તણા દિલથી દર્શન કરીએ
એના ગરવા ગુણોનું, ચાલો ગુંજન કરીએ

આ ભૌતિક સુખોમાં, તેણે કેવળ દુઃખ જોયું,
દુઃખિયા જીવો દેખી, તેનું કોમળ દિલ રોયું,
કરુણાના ધારકને, ચાલો વંદન કરીએ (૨)
દેવાધિદેવ તણા દિલથી દર્શન કરીએ (૨)

લાખ ચોરાશી ભવમાં, જીવ શાને ભટકે છે?
તેણે જાણ્યું કે જીવની, પ્રગતિ ક્યાં અટકી છે?
તે પાવન જ્ઞાનીનું, ચાલો પૂજન કરીએ (૨)
દેવાધિદેવ તણા દિલથી દર્શન કરીએ (૨)

દુઃખમાંથી છૂટવાનો, તેણે મારગ અપનાવ્યો,
સૃષ્ટિના જીવોને, નિસ્વાર્થે બતલાવ્યો,
એવા પરમાર્થી પ્રભુને, હૈયું અર્પણ કરીએ (૨)
દેવાધિદેવ તણા દિલથી દર્શન કરીએ (૨)

આ ત્યાગી પરમાત્મા, સહુના ઉપકારી છે,
ઊંચા સન્માન તણા, પૂરા અધિકારી છે,
તેના ગુણો અપનાવી, સાચું તર્પણ કરીએ (૨)
દેવાધિદેવ તણા દિલથી દર્શન કરીએ
એના ગરવા ગુણોનું, ચાલો ગુંજન કરીએ
દેવાધિદેવ તણા દિલથી દર્શન કરીએ
એના ગરવા ગુણોનું, ચાલો ગુંજન કરીએ
ચાલો ગુંજન કરીએ, ચાલો ગુંજન કરીએ

2016-08-08
https://www.youtube.com/watch?v=vjIqsw5S6gE